એસએમવીએસ સ્વામિનારાયણ સંસ્થાના "પૂ. બાપજી" અંતરધ્યાન

પૂ. બાપજીના પાર્થિવદેહને કુડાસણ ખાતેના સ્વામિનારાયણ ધામમાં લવાયો : શનિવારે બપોરે ૨ વાગ્યા સુધી હરિભક્તોના દર્શનાર્થે ત્યારબાદ અંતિમ સંસ્કારવિધિ કરાશે : હજ્જારો હરિભક્તો અંતિમ દર્શનાર્થે ઉમટી પડ્યાં

ગાંધીનગર, તા. ૨૩

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાનના સ્થાપક તથા 'વચનામૃતના આચાર્ય' તરીકે જાણીતા પૂ. બાપજી ઉર્ફે પૂ. દેવનંદનદાસજી સ્વામીએ ૮૭ વર્ષની વયે ગુરૂવારે રાત્રે ૧૦.૧૦ કલાકે દેહત્યાગ કર્યો છે. આ સમાચારથી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. પૂ. બાપજીના પાર્થિવદેહને આજે ગાંધીનગરના કુડાસણ સ્થિત સ્વામિનારાયણ ધામ ખાતે હરિભક્તોના અંતિમ દર્શનાર્થે રાખવામાં આવેલ છે. આવતીકાલે બપોરે ૨ કલાકે પૂ. બાપજીની અંતિમ સંસ્કારવિધિ સ્વામિનારાયણ ધામ ખાતે યોજાશે.

માત્ર ૨૩ વર્ષની યુવાન ઉંમરે સંસાર ત્યાગી વર્ષ ૧૯૫૬માં ઉજી ઓગષ્ટે ભાગવદી દીક્ષા ગ્રહણ કરી 'દેવુભાઈ'માંથી દેવનંદનદાસજી સ્વામી અને સમયાંતરે 'પૂ. બાપજી'ના હુલામણા નામે જાણીતા બનનાર પૂ. બાપજીની છેલ્લાં કેટલાક સમયથી વાસણા મંદિર મુકામે સારવાર ચાલી રહી હતી. વર્ષ ૧૯૩૩માં વિરમગામના વાસણ ગામે જન્મ લેનાર બાપજી માટે એવુ કહેવાય છે કે તેઓનું પ્રાગટ્ય પૂ. અબજી બાપાના આશિર્વાદથી થયું હતું. 'સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાન' સંસ્થાના સ્થાપક એવા પૂ. બાપજીએ દેશવિદેશમાં લાખ્ખો હરિભક્તો બનાવવા સાથે સંસ્કૃતિ, ધર્મ, સામાજિક અને આદિવાસી ઉત્થાનના કાર્ય માટે અથાક વિચરણ કર્યુ છે અને ૧૦૦ કરતા વધુ મંદિરો અને સત્સંગ કેન્દ્રોનું નિર્માણ કર્યુ છે. વિશાળ વર્તનશીલ સંત સમુદાય અને હરિભક્ત સમુદાયની રચના સાથે તેમણે વચનામૃતમાં "રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા"માં ગુંથાયેલા ગુઢાર્થ રહસ્યોને યથાર્થ સમજાવી 'વચનામૃતના આચાર્ય' તરીકે ઓળખ પામ્યા હતા. પૂ. બાપજી તેમની સાદાઈ, કથા-વાર્તાના અખૂટ આગ્રહ, અજાત શત્રુપણા, રાહત કાર્યો, આદિવાસી ઉત્કર્ષ, ગુરૂકુળ-શૈક્ષણિક સંકુલોની સ્થાપના, આરોગ્ય સેવા, વ્યસનમુક્તિ, પર્યાવરણલક્ષી કામગીરી, મહિલા ઉત્કર્ષ, સત્સંગ સભા, મહિલાસંતની પ્રણાલી તથા સ્વયંસેવક દળના નિર્માણ સહિતના કાર્યો માટે જાણીતા હતા. તેઓના ઉપદેશમાં "બીજાને ઉપદેશ આપતા પહેલા પોતે તે મુજબ વર્તવુ કેમકે વર્તન વગરની વાત અસર કરે જ નહિ" તેવુ દૃઢપણે માનતા હોવાથી હરિભક્તોમાં ખૂબ આદર પામ્યાં હતા. ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી સ્વામિનારાયણ ધામ ખાતે આજે બપોરે પૂ. બાપજીની પાલખી લાવવામાં આવી છે જેના દર્શનાર્થે હજ્જારો હરિભક્તો ઉમટી રહ્યાં છે.

પૂ. બાપજીની આછેરી જીવન ઝરમર

- એસએમવીએસ સ્વામિનારાયણ સંસ્થાના સંસ્થાપક
- માત્ર ૩૦ વર્ષના ગાળામાં ૧૦૦ કરતા વધુ મંદિરો અને સત્સંગ કેન્દ્રોનું નિર્માણ
- વિવિધ ૩૨ કરતા વધુ નાની-મોટી સમાજ સેવાઓ માટે ૫ હજાર કરતા વધુ હરિભક્તોના સ્વયંસેવકદળની રચના
- ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા સહિત ૧૦થી વધુ દેશોમાં સત્સંગ પ્રવૃતિનો વ્યાપ
- પોતાની હયાતીમાં જ અનુગામી તરીકે પૂ. સત્ય સંકલ્પદાસજી સ્વામીની નિમણૂંક
- સાદગીભર્યુ જીવન અને ૧.૪૦ લાખ કલાકથી વધુ સમય કથાવાર્તા દ્વારા હરિભક્તોનું જીવન પરિવર્તન
- ગુરૂકુળ અને શૈક્ષણિક સંકુલોનું નિર્માણ
- કુદરતી આપત્તિઓમાં અનેક રાહત સેવા કાર્યો
- આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત
- ગાંધીનગરમાં એસએમવીએસ હોસ્પિટલનું તથા વાસણામાં શ્રીજી બાપા મેડિકલ સેન્ટરનું નિર્માણ
- આશરે ૫ લાખથી વધુ નાગરિકોને વ્યસનમુક્ત કરાવ્યાં
- અંદાજે ૪.૭૫ લાખથી વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ
- વર્ષ ૨૦૦૧ના દુષ્કાળમાં પંચમહાલ-સાબરકાંઠાના ૧૨૦ સેન્ટર થકી ૬૯૭૧ પશુઓને ૪.૫૦ લાખ કિલોથી વધુનો ઘાસચારો તથા દાણનું વિતરણ
- મહિલા સંત પ્રણાલી સાથે ભક્તિ નિવાસનો પ્રારંભ
- પ્રતિ વર્ષ સંતો દ્વારા ૧૬ હજારથી વધુ સત્સંગ સભાઓ

કોલગર્લ સપ્લાય કરવાના બહાને રૂપિયા ખંખેરતી ટોળકી પકડાઈ

ગાંધીનગર, તા.૨૩

કોલગર્લ સપ્લાય કરવાના બહાને રસિયાઓ પાસેથી ઓનલાઈન રૂપીયા ખંખેરતા કોલ સેન્ટરને ગાંધીનગર એલસીબી પોલીસે ઝડપી પાડ્યું છે.

ઓનલાઈન વેબસાઈટમાં આપેલા નંબર પર ગ્રાહક ફોન કરે એટલે તેને યુવતિઓના ફોટા અને ઓડીયો કલીપ મોકલી રસિયાઓ પાસેથી રૂપીયા પડાવતી ટોળકીના ત્રણ સભ્યોને પોલીસે દબોચી લીધા છે. એલસીબી નિરજ પટેલની ટીમના સભ્ય વિજયસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે અગોરા મોલ નજીક આવેલા એટલાન્ટીક પાર્ક ફલેટ આઈ બ્લયુ બ્લોક નં.૨૦૨ માં કોલ સેન્ટર આવેલું છે અને તેમાં ઓનલાઈન છેંતરપિંડી ચાલી રહી છે. જેથી પોલીસે રેઈડ પાડી ત્રણ શખ્સોને પકડી ઓનલાઈન રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂ.૧.૨૮ લાખ રોકડા, વિવિધ કંપનીના ૭ મોબાઈલ ફોન, સહિત કુલ રૂ.૧.૯૧ લાખની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ ઈસમો સામે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગત તા.૨૨ ના રોજ એલસીબી પીએસઆઈ એમ.જે.શિંદે તેમજ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા વિજયસિંહ નવલસિંહને બાતમી મળી હતી કે અગોરા મોલની નજીક આવેલા એટલાન્ટીક સોસાયટીના ફલેટ નં.આઈ બ્લયુ-૨૦૨ કોલ સેન્ટર ચાલે છે અને નાગરીકો સાથે ઓનલાઈન છેંતરપિંડી કરવામાં આવે છે. જેને પગલે પોલીસે રેઈડ પાડી ફલેટ પરથી વિજય મનોજ ચૌહાણ (મોચી) ઉં.વ.૩૮ રહે. એ-૩ સિધ્ધી કોમ્પ્લેક્ષ સત્યમેવ હોસ્પિટલની સામે ચાંદખેડા, જગદીશ ધીરુભાઈ આહીર ઉં.વ.૨૩ રહે. હાલ એ-૨૧૦ સત્યમ રેસીડન્સી ફલેટ ઓરીએન્ટલ બેંકની સામે નરોડા, મુળ રહે. ભાદરોડ તા મહુવા, જી.ભાવનગર, તેમજ કલ્પેશ ખીમજી ગોહિલ (વણકર) ઉં.વ.૨૩ હાલ એટલાન્ટીક પાર્ક આઈ બ્લ્યું બ્લોક મકાન નં.૨૦૨ અગોરા મોલની બાજુમાં મુળ રહે. હડમતીયા તા.વલ્લભીપુર જી.ભાવનગરવાળાને પકડી પાડ્યા હતા.

પોલીસની પુછપરછ દરમિયાન મુખ્ય સુત્રધાર વિજય મનોજ ચૌહાણે જણાવ્યું હતું કે દિલ્હી ખાતેના પોતાના મિત્ર રાહુલ અને રોની નામના ઈસમો પાસેથી લવલીરાનીડોટકોમ અને સ્કોકાડોટકોમ નામની બે વેબસાઈટ ભાડે રાખી હતી. જેમાં પોતાના નંબરો એડ કરાવ્યા હતા. વિજય આ બે સાઈટનું રોજનું અંદાજીત રૂ.૧૫ હજાર ભાડુ ચુકવતો હતો. એસ્કોર્ટ ગર્લની વેબ સાઈટ પર કોલેજ ગર્લ, હાઉસવાઈફ, ફોરેનર સહિતના પેકેજ ગ્રાહકોને આપવામાં આવતા હતા અને રૂ.૧૦ હજારથી લઈને રૂ.૧ લાખ સુધી ચાર્જ વસુલવામાં આવતો હતો. જયારે વિજયે ફલેટ પર બે યુવાનોને ગ્રાહકો સાથે સંપર્કમાં રહી શકાય તે માટે રૂ.૧૫ હજારના પગારથી જગદીશ અને કલ્પેશને રાખ્યા હતા.વેબસાઈટ પરથી નંબર મેળવીને ફોન કરતા ગ્રાહકોને વોટ્સએપ દ્વારા ફોટો અને ભાવ મોકલતા હતા.ત્યારબાદ ગ્રાહકોને લલચાવી, ફોસલાવીને કોલગર્લની સર્વિસ પુરી પાડવામાં આવશે તેવી લલચામણી અને લોભામણી વાતચીત કરીને કોલગર્લ માટેની આગળની પ્રોસેસ માટે વિવિધ ચાર્જ પેટે ગ્રાહકો પાસેથી ઓનલાઈન રૂપીયા ખંખેરવામાં આવતા હતા. ગ્રાહકો આપેલા એકાઉન્ટમાં રૂપીયા જમા કરાવે કે તુરંત જ રૂપીયા લઈ લીધા પછી તે નંબર મોબાઈલમાં બ્લેક લીસ્ટમાં નાંખી દેવામાં આવતો હતો.

ચિલોડા, વાવોલ, ઝુંડાલ અને જીઈબીમાંથી ૨૫ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર પોલીસે વિવિધ સ્થળો પર દરોડા પાડીને જુગાર રમતા જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે ઝુંડાલ, વાવોલ, ચિલોડા અને જીઈબીમાં રેઈડ પાડીને કુલ ૨૫ જુગારીઓ જુગાર રમતા રંગેહાથ પકડાયા છે. જયારે સેકટર-૭ પોલીસે ગોકુલપુરા રેલ્વે સ્ટેશન નજીક રહેતા પ્રવિણ વસંત થારૂકીયાના મકાનના આંગણામાં જુગાર રમતા પ્રવિણ થારૂકીયા, મહેશ જયંતિ સોલંકી, મોહસીન અકબર બલોચ, રતન સોનાજી મારવાડી, વિષ્ણુ સવજીભાઈ રાવળ, વિજય રાજુભાઈ સોલંકી, સંજય સોમા પરમાર, હર્ષદ જયંતિ રાવળ અને દિનેશ સોમાજી મારવાડી, (તમામ રહે ગોકુળપુરા) ને પકડી પાડ્યા છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૬,૪૭૦ તેમજ ત્રણ મોબાઈલ સહિત કુલ રૂ.૨૬,૯૭૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

તો બીજા બનાવમાં ચિલોડા પોલીસે બાતમીને પગલે શિહોલી મોટી ગામમાં જાહેરમાં જુગાર રમતા છ શકુનીઓને પકડી પાડ્યા છે. જેમાં જગદીશ રમેશપટેલ, રાકેશ શીવા પટેલ, બાબુ અમથા પટેલ, રસિક જયંતિ પટેલ, પરેશ રણછોડ પટેલ, નિલેશ ગુણવંત પટેલ, પાસેથી રોકડા રૂ.૧૫,૯૦૦ કરી જુગારધારાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તો બીજીતરફ એલસીબી પોલીસની ટીમે દરોડો પાડી જીઈબી છાપરા નજીક જાહેરમાં જુગાર રમી રહેલા શૈલેષ નાનુભાઈ પુરબીયા, ધવલ કિશોર પરમાર, ભરત મંગળ લઢેણ, રમેશ જાદવ જાવડીયા પાસેથી રોકડા રૂ.૪,૭૦૦ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરવામાં આવી છે.

અડાલજ પોલીસે ઝુંડાલ પગીવાસમાં રહેતા અરજણજી દશરથજી ઠાકોરના ઘરના વાડામાં જુગાર રમી રહેલા છ શકુનીઓને પકડી પાડ્યા છે. જેમાં જુગાર રમાડનારા અરજણજી દશરથજી ઠાકોર, તેમજ પ્રકાશ નરસિંહ સોલંકી, જગદીશ નાથુ નાયક, જયેશ બાબુ નાયક, ચેતન અમૃત સુથરીયા ભુપેન્દ્ર હીરા નાયકનો સમાવેશ થાય છે.જુગારી પાસેથી રોકડા રૂ.૬૨૪૦ રોકડા જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મેઘમહેરના અંતે જિલ્લાના ૪૦૦ હેકટર વિસ્તારમાં ૧૯.૭૯ લાખ રોપાઓનુ વાવેતર

આગામી દિવસોમાં હજુ પણ ૨ લાખ રોપાઓની વાવણી કરાશે : ગાંધીનગર શહેરમાં પણ ૨ લાખ રોપાઓની વાવણી કરાઇ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર જિલ્લામાં વનવિભાગ દ્વારા ૧૯.૭૯ લાખ રોપાઓની વાવણી કરવામાં આવી છે. ચોમાસાના પ્રારંભે વરસાદ ખેંચાતા રોપાઓની વાવણી વનતંત્ર માટે ચિંતાનો વિષય બની હતી. જયારે જિલ્લાની નર્સરીઓમાં પણ ૨૦ લાખ જેટલા રોપાઓ પડી રહેતા હરિયાળી નિખારવાનુ આયોજન ખોરંભે પડયુ હતુ. પરંતુ આખરે વરસાદે યારી આપતા વનતંત્ર દ્વારા રોપાઓની વાવણીનુ કામ હાથ ધરાયુ હતુ. શહેરમાં પણ અંદાજિત ૨ લાખ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર સહીત જિલ્લામાં દર ચોમાસામાં નવા રોપાઓની વાવણી માટે વન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ નવા રોપાઓની વાવણી માટે વનતંત્ર સજ્જ હતુ. પરંતુ વરસાદ વિલંબમાં પડતા નવા રોપાઓની વાવણીનુ કામ પણ અટવાયુ હતુ. એકબાજુ જિલ્લાની સરકારી નર્સરીઓમાં પણ લાખો રોપાઓ વાવણી માટે તૈયાર કરી દેવાયા હતા. જુલાઈના અંત સુધી વરસાદ ન આવતા વનતંત્ર માટે રોપાઓની વાવણી ચિંતાનો વિષય બની હતી. આખરે ઓગષ્ટમાં મેઘરાજા ધોધમાર વરસતા નવા રોપાઓની વાવણીનુ કામ પુરજોશમાં ચાલુ કરી દેવાયુ હતુ ગાંધીનગર શહેરમાં પણ ગરમીના દિવસોમાં જ નવા રોપાઓની વાવણી માટે ખાડાઓ ખોદી દેવાયા હતા. જયારે શહેરમાં પણ અંદાજિત ૨ લાખ જેટલા રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. જિલ્લા કલેકટર દ્વારા પણ વિવિધ સરકારી વિભાગોને ઘનિષ્ઠ વનીકરણ માટે સુચના આપવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ સામાજિક, સ્વૈચ્છિક ,ધાર્મિક , રાજકીય અને શૈક્ષણિક સંસ્થાઓ પણ નવા રોપાઓની વાવણીમાં જોડાતા વનીકરણના આ અભિયાનને વેગ મળ્યો હતો. જિલ્લામાં કુલ ૧૯.૭૯ લાખ રોપાઓની વાવણી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર અને દહેગામ તાલુકામાં સાડા ચાર લાખ રોપાઓનુ વાવેતર કરાયુ છે. કલોલમાં પણ ૩.૮૨ લાખ રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત માણસા તાલુકામાં પણ ૫ લાખ જેટલા રોપાઓની વાવણી કરાઈ છે. ગાંધીનગર શહેરમાં પણ ૨ લાખ રોપાઓનુ વાવેતર કરાયુ છે.

શહેરમાં ૪૧ સ્થાનો પર ગપ્પી માછલી મુકાઈ

ગાંધીનગર શહેરમાં મેલેરિયા અને ડેન્ગ્યુના વધેલા કેસો પછી સરકારની સૂચનાને પગલે મનપાના અર્બન મેલેરિયા તંત્રએ આજે ૪૦ થી વધુ સ્થાનો પર ગપ્પી માછલી મુકી મચ્છરોના નિયંત્રણ માટેની કામગીરી હાથ ધરી છે.

૩૧મી ઓગષ્ટ સુધી આ કામગીરી ચાલશે તેમ મનપાના સૂત્રોએ કહ્યુ છે. હાલ શહેરના વિવિધ સર્કલો, બગીચાઓ, હોઝ તેમજ જ્યાં વરસાદી પાણીનો વધુ ભરાવો થાય છે તેવા સ્થાનો પર ગપ્પી માછલી મુકી છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોની વધતી જતી સંખ્યા તંત્ર માટે આ વખતે ચિંતાનો વિષય બનેલ છે. ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં કન્ટ્રકશન સાઈટો મોટી સંખ્યામાં ચાલી રહી છે જ્યાં મચ્છરોના ભારે બ્રિડીંગ મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં પી.આઈ.યુ.ના બિલ્ડીંગમાંથી જ મોટી સંખ્યામાં બ્રિડીંગ મળ્યા હતા.

પંજાબ-હ્યુંડાઈ ખાતે નવી "ગ્રાન્ડ આઈ-૧૦ એનઆઈઓએસ"નું ભવ્ય લોન્ચિંગ

ગાંધીનગરના હ્યુન્ડાઈ કારના શૉ-રૂમ પંજાબ હ્યુન્ડાઈ ખાતે તા. ૨૨મી ઓગષ્ટ શુક્રવારે નવી 'ગ્રાન્ડ આઈ-૧૦ એનઆઈઓએસ'નું ધમાકેદાર લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જનરલ મેનેજર અખિલેશસિંહ ઉપરાંત એચડીએફસી ઓટો લોનના રિલેશનસીપ મેનેજર આનંદ શ્રીમાળી, આઈસીઆઈસીઆઈ બેન્ક ઓટો લોનના રિલેશનશીપ મેનેજર ધીરેનભાઈ અને એક્સિસ બેંક ઓટો લોનના એરિયા સેલ્સ મેનેજર આદિત્ય કારિયા અને પંજાબ હ્યુન્ડાઈના સેલ્સ હેડ ધર્મેશ શાહ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે કેક કટિંગ પણ કરવામાં આવ્યું હતું.

પંજાબ હ્યુન્ડાઈ શૉ રૂમ ખાતે લોન્ચ થયેલી 'ગ્રાન્ડ આઈ-૧૦ એનઆઈઓએસ' બોલ્ડ અને સ્ટાઈલીશ ડિઝાઈન સાથે સ્માર્ટ એન્ડ ઈનોવેટિવ ટેકનોલોજીનો ઉપયોગ કરતી પ્રિમિયમ અને સ્પેશ્યિલ કેબિન ધરાવતી ઓલ રાઉન્ડ સેફ્ટી સાથેની 'કમ્પ્લીટમસ ઓફ માઈન્ડ' કાર છે.

અત્યાધુનિક આકારમાં પ્રોજેક્ટર ટાઈપ લોંગ લેમ્પ, ઈકો કોટીંગ ટેકનોલોજી, વાયરલેસ ચાર્જર, ૮ ઓડિયો-વિડિયો વીથ મોબાઈલ નેવિગેશન, આર્કેમીઝ સાઉન્ડ મોડ્સ, ઈમ્પેક્ટ સેન્સિગ ઓટો ડૉર, અનલોક, ઈમર્જન્સી સ્ટોપ સિગ્નલ, શાર્ક ફિનએન્ટેના, ૫.૩' મીડ ડિઝીટલ સ્પીડોમીટર ઉપરાંત ૩ વર્ષ અને ૧ લાખ કિમીની વોરંટી જેવા ગ્રાહકોને આકર્ષતા અદ્ભૂત ફીચર્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્લોસ બ્લેક રેડિયેટર ગ્રીલ, ડ્યુઅલ ટોન, એક્ટેરિયર, પ્રોજેક્ટ હેડ લેમ્પ, વેવી પેટર્ન ઈન્ટિરીયર તેમજ એક્ટિરિયર, વ્હિલ એર કર્ટેન, રીઅર એસી વેન્ટસ, રીઅર પાર્કિંગ કેમેરા એન્ડ સેન્સર્સ જેવા ફિચર્સ કારને વધુ આકર્ષક, વધુ સુવિધાજનક અને વધુ ગ્રાહકભોગ્ય બનાવે છે.

આજે ડૉ. આંબેડકરભવન ખાતે ભક્તિ-સત્સંગ સંગીતમય શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના કૃષ્ણપ્રેમી ભક્ત "દાઉશ્રી દીપક આનંદ" દ્વારા સતત બીજા વર્ષે આવતીકાલે તા. ૨૪મી ઓગષ્ટ શનિવારના રોજ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે શ્રીકૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તિ, સત્સંગ અને સંગીતનો ત્રિવેણી સંગમ સમો આ કાર્યક્રમ સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે રાત્રિના ૯ કલાકથી કૃષ્ણ પ્રાગટ્ય સુધી ઉજવાશે. જેમાં 'દાઉશ્રી દીપક આનંદ' ભગવાન શ્રીકૃષ્ણના પ્રમુખ પાંચ રસ શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને માધુર્યરસનું સૂરસભર રસાસ્વાદ કરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'દાઉશ્રી દીપક આનંદ' દ્વારા હિંદી મહાગ્રંથ 'બલરામ સ્મૃતિ'નું સર્જન કરાઈ રહ્યું છે જે અંતિમ તબક્કામાં છે જેનું વિમોચન આગામી વર્ષે તા. ૧૮મી જાન્યુઆરી-૨૦૨૦ના રોજ કરાશે. શ્રીકૃષ્ણ જન્મોત્સવના ભક્તિ સત્સંગ-સંગીતમય કાર્યક્રમનો લાભ લેવા શહેરના કૃષ્ણ પ્રેમીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા
જાહેર નિવિદા નં.૦૩/૨૦૧૯-૨૦

કાર્યપાલક ઈજનેરશ્રી, અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ તાલુકાના પેચની કામગીરી જેની અંદાજીત કિંમત ૨૯.૨૩ લાખથી ૪૯.૪૮ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૨૭/૮/૨૦૧૯થી ૬/૯/૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૨૦૩/૧૯